Name : Khumgla Sapna S.

Subject : counselling - Psychology

Roll no : 252

PRN no : COC2025252

College : R. R. lalan college

Sign : Sapna

Khungla Sapna S. Roll no: 252

- શૈક્ષણિક મનોવિજ્ઞાનની અભ્યાસ પદ્ધતિઓ તરીકે **મુલાકાત** અને **પ્રશ્નાવલી** પદ્ધતિ.

★ મુલાકાત પદ્ધતિ

મુલાકાત પદ્ધતિનો ઉપયોગ શૈક્ષણિક મનોવિજ્ઞાનમાં કરવામાં આવે છે. આ પદ્ધતિ દ્વારા શૈક્ષણિક મનોવૈજ્ઞાનિકો વિદ્યાર્થીઓની અભિરુચિ, અભિયોગ્યતા, મનોવલણ સંબંધિત સમસ્યાનો અધ્યયન કરે છે. મુલાકાત પદ્ધતિ ચિકિત્સા મનોવિજ્ઞાનની મહત્વની પદ્ધતિ છે. તેના દ્વારા મહત્વપૂર્ણ માહિતી એકત્રિત કરવામાં આવે છે. ચિકિત્સામાં મુલાકાત વિના બિલકુલ ન ચાલે. અસીલને મળવું, તેની માહિતી કઢાવવી, એના વિના અસીલનો ઉપચાર શક્ય બને નહિ. તેથી મુલાકાત પદ્ધતિ જરૂરી બને છે.

મુલાકાતનો અર્થ

મુલાકાતને માટે અંગ્રેજી શબ્દ Interview છે. તેમાં બે શબ્દો સમાવિષ્ટ છે. Inter અને view. અહીં Inter એટલે અંદર અને view એટલે જોવું. 'અંદર જોવું' એટલે 'ઇન્ટરવ્યું' વ્યક્તિની અંદર ઊંડા ઊતરી તેની ગહન ભીતરી વાતો કઢાવવી એટલે 'ઇન્ટરવ્યું'.

Khungla Sapna S. Roll : 252

## મુલાકાતની વ્યાખ્યા

⟹ 'મુલાકાત કોઈ હેતુ કે ધ્યેય સાથે થતી વાતચીત છે.'

– મેટારઝો

⟹ 'મુલાકાત આમને - સામને કરવામાં આવેલી એક પરસ્પર વાર્તાલાપ છે, જેમાં એક વ્યક્તિ બીજી વ્યક્તિ પાસેથી અમુક માહિતી પ્રાપ્ત કરે છે.'

– ડેન્જીન

⟹ 'મુલાકાત એવી વ્યવસ્થિત પદ્ધતિ છે. જેમાં એક વ્યક્તિ બીજી અજાણ્યા વ્યક્તિના આંતરિક જીવનમાં પ્રવેશે છે.'

– પી.વી. યંગ

## મુલાકાતના પ્રકારો

શૈક્ષણિક મનોવિજ્ઞાનમાં બે પ્રકારની મુલાકાતનો ઉપયોગ કરવામાં આવે છે:

1. સંરચિત મુલાકાત
2. અસંરચિત મુલાકાત

1. સંરચિત મુલાકાત

સંરચિત મુલાકાતમાં શૈક્ષણિક મનોવૈજ્ઞાનિક પહેલેથી એવું નક્કી કરી લે છે કે જે વિદ્યાર્થીઓમાંથી તેઓ કયા કયા પ્રશ્નો પૂછશે પ્રશ્ન પૂછવાનો ક્રમ શું હશે સામાન્ય રીતના જે ક્રમ નિશ્ચિત કરવામાં આવે છે. તે જ ક્રમમાં દરેક બાળકો કે વિદ્યાર્થીઓને પ્રશ્ન પૂછવામાં આવે છે.

2. અસંરચિત મુલાકાત

અસંરચિત મુલાકાત એ મુલાકાત ને કહેવામાં આવે છે જેમાં મુલાકાત કરતા પ્રશ્નો સ્વરૂપ પોતાના મનથી જ નિર્ધારિત કરે છે. તે દરેક બાળકોને કોઈ એક નિશ્ચિત ક્રમમાં પ્રશ્ન નથી પૂછતો. કેટલાક બાળકો એક એવા પ્રકારના પ્રશ્નો પૂછવામાં આવે છે તો કેટલાક અન્ય બાળકોને અન્ય અલગ પ્રકારના પ્રશ્નો પૂછવામાં આવે છે. આપવામાં આવેલા જવાબનું વિશ્લેષણ કરી મુલાકાત કરતા બાળકોની અભિરુચી, મનોવલણ અને અન્ય સદ્‌ગુણો વિશે નિષ્કર્ષ પર પહોંચે છે.

મુલાકાત પદ્ધતિના લાભ / ગેરલાભ

⟹ લાભ

- આ પદ્ધતિ દ્વારા વ્યક્તિના વિચારો, લાગણીઓ, વ્યક્તિના ચહેરાના હાવભાવ, અવાજનો લય, મનોભાવોનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરી શકાય છે.

- રૂબરૂ મુલાકાતમાં વ્યક્તિ જવાબ આપવાનું ટાળતી નથી, તેથી માહિતી મળવાની શક્યતા વધી જાય છે.

Khungla Sapna S. R-252

- જે લોકો વાંચી કે લખી શકતા નથી અથવા નાના બાળકો છે, તેમની પાસેથી માહિતી મેળવવા માટે આ શ્રેષ્ઠ પદ્ધતિ છે.

⇒ ગેરલાભ

- આ પદ્ધતિ ખૂબ જ સમય માંગી લે તેવી છે કારણ કે દરેક વ્યક્તિની અલગ મુલાકાત લેવી પડે છે, અને તેમાં મુસાફરી કે અન્ય ખર્ચ પણ થઈ શકે છે.

- મુલાકાત લેનારના પોતાના મંતવ્યો કે પૂર્વગ્રહો અજાણતાં અર્થઘટનને અસર કરી શકે છે.

- ઘણીવાર મુલાકાત આપનાર વ્યક્તિ સત્ય કહેવાને બદલે સમાજમાં જે સારું લાગે તેવા જવાબો આપવાનો પ્રયાસ કરે છે.

## મનોવૈજ્ઞાનિક પાસાઓ અને કૌશલ્યો

મુલાકાત પદ્ધતિની સફળતા મનોવૈજ્ઞાનિક કૌશલ્ય પર આધારિત છે:

- સક્રિય શ્રવણ :

ફક્ત શબ્દો સાંભળવા નહીં પરંતુ લાગણીઓ અને અર્થઘટન સમજવા.

Khungla Sapna S. Roll no:252

- નિષ્પક્ષતા:

મનોવિજ્ઞાનીએ અથવા મુલાકાત લેનારએ પૂર્વગ્રહ વગર માહિતીનું અર્થઘટન કરવુ જોઈએ.

- ગોપનીયતા:

મુલાકાત આપનારની માહિતી ગુપ્ત રાખવી એ વિશ્વાસનો પાયો છે.

- સહાનુભૂતિ:

મુલાકાત આપનારના દ્રષ્ટિકોણથી પરિસ્થિતિને સમજવી.

આ ઉપરાંત, અર્ધ-માળખાબદ્ધ મુલાકાત, જૂથ મુલાકાત, ટેલિફોનિક અથવા ઓનલાઇન મુલાકાત વગેરે પદ્ધતિઓ દ્વારા પણ મુલાકાત લેવામાં આવે છે. મુલાકાત પદ્ધતિ દ્વારા પરિણામો વધારે વિશ્વસનીય આવી શકે છે. પરંતુ મુલાકાત પદ્ધતિમા સમય વધારે લાગે છે.

Khungla Sapna S. Roll no:252

## ★ પ્રશ્નાવલી પદ્ધતિ

પ્રશ્નાવલી પદ્ધતિ શૈક્ષણિક મનોવિજ્ઞાનમાં એક મુખ્ય પદ્ધતિ છે. આ પદ્ધતિમાં પ્રશ્નોની એક લાંબી યાદી તૈયાર કરવામાં આવે છે. જેને પ્રશ્નાવલી કહેવામાં આવે છે: પ્રશ્નાવલી પદ્ધતિએ સામાજિક સંશોધન અને માહિતી એકત્રીકરણ માટેની એક અત્યંત લોકપ્રિય અને મહત્વપૂર્ણ પદ્ધતિ છે. અહીં બાળકો, વિદ્યાર્થીઓ અને વ્યક્તિઓને પ્રશ્નાવલી આપવામાં આવે છે. જેમાં અમુક પ્રશ્નો હા, ના, સાચું, ખોટું વગેરે વિકલ્પો સાથે પૂછવામાં આવે છે અને અમુક પ્રશ્નોમાં વ્યક્તિ તેના વિચારો મુજબ લાંબો ઉત્તરો પણ આપી શકે છે.

### પ્રશ્નાવલીનો અર્થ

જ્યારે સંશોધક તેના અભ્યાસ હેઠળના વિષય સંબંધિત પ્રશ્નોની એક યાદી તૈયાર કરે અને ઉત્તરદાતા તે પ્રશ્નોના જવાબ મત લખીને આપે ત્યારે તેને પ્રશ્નાવલી પદ્ધતિ કહેવામાં આવે છે.

### પ્રશ્નાવલીના પ્રકારો

રીતી અનુસાર શૈક્ષણિક મનોવિજ્ઞાનમાં પ્રશ્નાવલી પદ્ધતિના બે પ્રકાર પડે છે:

1. ખુલ્લા સ્વરૂપની પ્રશ્નાવલી
2. બંધ સ્વરૂપની પ્રશ્નાવલી

Khumgla Sapna S. Roll: 252

## 1. ખુલ્લી પ્રશ્નાવલી

આ પ્રકારની પ્રશ્નાવલીમાં ઉત્તરદાતાને પોતાના વિચારો વિગતવાર અને મુક્ત રીતે રજૂ કરવાની છૂટ હોય છે. જ્યારે આપણે કોઈ વ્યક્તિ પાસેથી ઊંડાણપૂર્વક માહિતી, અભિપ્રાયો કે લાગણીઓ જાણવી હોય ત્યારે આ પ્રકારની પ્રશ્નાવલીનો ઉપયોગ કરવામાં આવે છે. આ પ્રશ્નાવલીમાં પ્રશ્ન પછી ખાલી જગ્યા આપવામાં આવે છે, જેમાં ઉત્તરદાતાએ પોતાનો જવાબ વર્ણનાત્મક રીતે લખવાનો હોય છે તેથી આમાં દરેક વ્યક્તિ અથવા ઉત્તરદાતાના મંતવ્યો સ્પષ્ટપણે જાણી શકાય છે.

## 2. બંધ પ્રશ્નાવલી

આ પ્રકારની પ્રશ્નાવલીમાં પ્રશ્નોના જવાબો મર્યાદિત હોય છે અને ઉત્તરદાતાએ આપેલા વિકલ્પોમાંથી જ પસંદગી કરવાની હોય છે. આ પ્રકારની પ્રશ્નાવલીમાં જેમ કે 'હા / ના' અથવા બહુવિકલ્પી જેવા ચોક્કસ વિકલ્પો આપવામાં આવે છે. જ્યારે સંશોધકે ચોક્કસ આંકડાકીય માહિતી મેળવવી હોય અને ઝડપી વિશ્લેષણ કરવું હોય ત્યારે આ પ્રકારની પ્રશ્નાવલી વાપરવામાં આવે છે.

PAGE NO.: 8
DATE:

Khungla Sapna S. Roll :252

# પ્રશ્નાવલી પદ્ધતિના લાભ / ગેરલાભ

⇒ લાભ

- આ પદ્ધતિમાં સમય, શક્તિ અને નાણાંની બચત થાય છે.
- ભૌગોલિક રીતે દૂર રહેલા લોકો પાસેથી પણ ટપાલ કે ઇ-મેઇલ દ્વારા માહિતી મેળવી શકાય છે.
- બધાને સમાન પ્રશ્નો પૂછાતા હોવાથી માહિતીનું તુલનાત્મક વિશ્લેષણ સરળ બને છે.

⇒ ગેરલાભ

- જે લોકો વાંચી કે લખી શકતા નથી, તેમની પાસેથી આ પદ્ધતિ દ્વારા માહિતી મેળવી શકાતી નથી.
- ઘણીવાર ઉત્તરદાતા કેટલાક પ્રશ્નોના જવાબ આપતા નથી અથવા પ્રશ્નાવલી અધૂરી પાછી મોકલે છે.
- જો કોઈ પ્રશ્ન અઘરો હોય, તો સંશોધકની ગેરહાજરીમાં ઉત્તરદાતા તેનો ખોટો અર્થ કાઢી શકે છે.
- ટપાલ દ્વારા મોકલેલી પ્રશ્નાવલીઓ ઘણીવાર પાછી આવતી નથી.